શબ્દો દ્વારા જેટલી અને જેવી અભિવ્યક્તિ થાય એનાથી વધારે સારી મૌનથી થાય
- કાર્લાઇલ

આપણું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૭) અંક નં. ૧૮૬ | ૧૫ સપ્ટેમ્બર, ૨૦૧૨, શનિવાર; અધિક ભાદરવા વદ - ૧૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

જિલ્લામાં સતત વરસાદથી કૃષિક્ષેત્રે બે કરોડનું નુકસાન

કપાસ, બાજરી અને ગુવારના પાક ઉપરાંત વેલાવાળી શાકભાજીના પાકોને પણ નુકસાન

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગર જિલ્લામાં સતત વરસાદને પગલે કૃષિક્ષેત્રે રૂ. બે કરોડથી વધુના નુકશાનનો પ્રાથમિક અંદાજ મંડાઈ રહ્યો છે. ખાસ કરીને કપાસ, બાજરી અને ગુવારના પાકને નુકશાન થવા ઉપરાંત વેલાવાળી શાકભાજીના પાકોને પણ નુકશાન થયાના અંદાજો છે.

જિલ્લામાં આમ તો એક લાખ ૪૨ હજાર હેકટર વિસ્તારમાં વાવેતર થઈ ચુકયું છે. જેમાં સૌથી વધારે વાવેતર કપાસના પાકનું થયું છે. ૩૫ હજાર હેકટર વિસ્તારમાં આ પાકનું વાવેતર થયું છે અને તે પૈકીના ૨૦ ટકા જેટલા પાકને નુકશાન થયાના પ્રાથમિક અંદાજો છે.

મળતી વિગતો પ્રમાણે બાજરીના પાકને પણ સારું એવું નુકશાન થયું છે. આ ઉપરાંત ગુવારનો પાક જેની સીંગો કાળી પડી રહી છે. કપાસના પાકમાં પણ ખૂણિયા ટપકાનાં રોગે દેખા દીધી છે. આ ઉપરાંત બાજરીના છોડ પણ પડી જવા પામ્યા છે.

જિલ્લા ખેતીવાડી તંત્રને પૂછતાં અધિકારીઓનું માનવું છે કે સતત ભેજવાળા વાતાવરણને કારણે જીવાત અને અન્ય રોગે દેખા દીધી છે પણ તેનાથી નુકશાન થયાનું કહેવું વહેલું કહેવાય. આ અધિકારીઓના કહેવા પ્રમાણે ગવારની સીંગો કાળી થાય તો તેના પર સ્ટ્રેપ્ટોસાઈકલિન દવાના છંટકાવ માટેનું માર્ગદર્શન મેળવી કરવામાં આવે તો તેનાથી સારો ફાયદો થઈ શકે છે.

પ્રાપ્ત થતી વિગતો મુજબ સતત વરસાદને કારણે દિવેલાના પાકનું વાવેતર ઘટયું છે. તેમજ ઘાસચારાના

● અનુસંધાન પાન-૭ પર

સુકીભઠ્ઠ સાબરમતી એક સપ્તાહમાં બે વાર બે કાંઠે

ગાંધીનગર, તા.૧૪

સાબરકાંઠા સહિત સાબરમતી નદીના કેચમેન્ટ વિસ્તારમાં થયેલા સારા પાછોતરા વરસાદને કારણે એક જ સપ્તાહમાં બે વાર સાબરમતી નદી બે કાંઠે વહેતી જોવા મળી હતી.

સાબરમતી નદી પર ધરોઈ ડેમ ઉપરાંત ૮ જેટલા નાના-મોટા ડેમ ગાંધીનગર સુધીમાં આવેલા છે અને થયેલા ભારે વરસાદને પગલે નાના ડેમ છલકાયા હતા અને તેનું પાણી સાબરમતી નદીમાં વહેણ નહિ પણ પ્રવાહ બનીને આવ્યું હતું.

સાબરમતી નદીમાં બે વખત વહેલા ધસમસતા પ્રવાહને કારણે સમગ્ર નદી રિચાર્જ થઈ જવાની સાથે સાથે સ્વચ્છ પણ થઈ ગઈ છે. આ બે વખતના પ્રવાહને કારણે ભૂગર્ભ જળની સપાટીના સ્તર પણ ઉંચા આવ્યા છે અને તેનો ફાયદો આગામી દિવસોમાં જોવા મળશે.

સાબરમતી નદીમાં જે પાણી વહ્યું હતું તેમાં હાથમતી, ગુહાઈ, મેશ્વો, માઝમ, હરણાવ, વાઈડી અને ગોરકિયાના પાણીનો પ્રવાહ વધુ હતો.

અરવલ્લીની ગિરિમાળાઓમાં આવતી સાબરમતી નદીમાં આમ તો વાત્રક, મેશ્વો, ખારી, ગુહાઈ અને મહોર નદી પણ ભળે છે. સાબરમતી નદી પર સૌથી મોટો બંધ ધરોઈ છે. જોકે હાલ ધરોઈ બંધમાં તેની ક્ષમતાના ૮૫ ટકા જેટલો પાણીનો સંગ્રહ થયો છે. આ પાણી પણ પાછોતરો વરસાદ સારો થતાં આવ્યું છે.

સાબરમતી નદી બે વાર જળપલ્લવીત બનીને વહી તેનાથી ભૂગર્ભ પાણીના સ્રોતો પણ રિચાર્જ થવા પામ્યા છે.એક અંદાજ પ્રમાણે ૩ મીટર જેટલા પાણીના સ્તર નીચે ગયા હતા પરંતુ બે વખત પ્રવાહો વહેતાં તેમાં સારો એવો સુધારો થયાનો અંદાજ છે.

સાબરમતી નદી પર લાકરોડ ચેકડેમનું મરામતનું કામ પણ ચાલુ હોવાથી તેમાંથી પણ સારો એવો પાણીનો જથ્થો નદીમાં આવ્યો હોવાનું મનાઈ રહ્યું છે. સિંચાઈ વિભાગના સૂત્રોના જણાવ્યાનુસાર લાકરોડા ચેકડેમની ક્ષમતા ૨૫૦ એમસીએફટી પાણીની છે. રિપેરીંગ કામ ઝડપથી આગળ ધપી રહ્યું છે તેનો દાવો પણ સિંચાઈ વિભાગના સૂત્રોએ કર્યો છે. જો કે સાબરમતી નદીમાં વહેલા પ્રવાહના જથ્થાનું કોઈ ચોકકસ માપદંડ હાલ ઉપલબ્ધ બન્યું નથી.

ઉત્તર ગુજરાતમાં હજુ પણ વરસાદ છુટો છવાયો ચાલુ રહ્યો છે. ધરોઈમાં પણ પાણીની આવક સારી છે. જો કે ઉત્તર ગુજરાતમાં પાછોતરો વરસાદ થતાં પાણીની સંગ્રહ શકિતના ૬૫ ટકા જેટલો પાણીનો સંગ્રહ થયાનો અંદાજ છે. આ ઉપરાંત નદી જે રીતે રિચાર્જ થઈ છે તેનાથી ભૂગર્ભ જળની સપાટીમાં પણ સારો એવો વધારો થયાનો અંદાજ છે.

સાબરમતી નદીમાં પહેલોપ્રવાહ વધુ ડહોળો જોવા મળ્યો હતો. જો કે બીજા પ્રવાહમાં તેમાં થોડોક સારો એવો સુધારો જોવા જરૂર મળ્યો હતો. જો કે ધસમસતો પ્રવાહ વહે ત્યારે પાણીની સ્વચ્છતાનું પ્રમાણ વધુ હોય છે તેમ પાણીના નિષ્ણાતોનું માનવું છે.

વરસાદી બુંદ - વરસાદ ઝરમર ઝરમર પડી રહ્યો છે, ક્યારેક પોરો ખાય છે તો ક્યારેક વરસી પડે છે... વાતાવરણમાં ભેજનું પ્રમાણ વધ્યું છે.... વહેલી સવારના ખુશનુમા વાતાવરણ નિર્માણ થાય છે.... વરસાદ અને ધીમો મંદ મંદ પવનની સાથે વહેલી સવારે વરસાદી બુંદ પડી રહી છે... આ વરસાદી બુંદને ઝીલવા ગુલાબના છોડની પાંદડીઓ જાણે આતુર હોય તેમ પાંદડી ઝીણી ઝીણી બુંદને ઝીલીને પોતાની બનાવી દે છે... પાંદડી પર ઝીલાયેલી વરસાદી બુંદ જાણે કુદરતે સર્જેલા બિંદુમોતી જેવી લાગી રહી છે.... **(તસવીર : દિપક જાની)**

ડીઝલની કિંમતમાં ભાવ વધારાના વિરોધમાં વિરોધ પ્રદર્શનની શરૂઆત થઈ ચૂકી છે. શહેરનાં જુદા જુદા વિસ્તારોમાં દેખાવો કરાયા હતાં.

મનપામાં મિલ્કતવેરો ભરવા આવતા નગરજનો માટે હેલ્પ ડેસ્ક મુકાશે

ગાંધીનગર, તા. ૧૪ ૨૦૧૧ ધી-૨૦૧૨ મહાનગરપાલિકાના જનસેવા કેન્દ્ર ખાતે મિલ્કત વેરાનું બિલ ભરવા આવતા ગ્રાહકની મુશ્કેલીના નિવારણ માટે હેલ્થ ડેસ્ક તાકીદની અસરથી શરૂ કરવા માટે તેમજ ગ્રામ્ય વિસ્તારમાં રિસર્વેની કામગીરી કરવા જરૂરી સૂચનાઓ આજે આકારણી અંગે કોર્પોરેશનના કાઉન્સીલરોની બનેલ પેટા સમિતિએ આપી છે. જો કે હવે સમિતિની બેઠક ૧લી ઓકટો.ના રોજ મળી થયેલ કાર્યવાહીની સમીક્ષા કરશે.

શ્રી નામદેવ વરસાતના અધ્યક્ષપદે રચાયેલ પેટા સમિતિની આજે પ્રથમ બેઠક મળી હતી. જેમાં કેટલીક ચોંકાવનારી હકીકતો બહાર આવવા પામી છે. ૫૦૦ જેટલા મિલ્કતધારકોને તેમના બિલ હજુ સુધી નહિ મળ્યા હોવાની વાતથી જ બેઠકનો પ્રારંભ થયો હતો. જો કે તંત્રના જણાવ્યાનુસાર ૪૭૨ જેટલા મકાનો બંધ હોવાને કારણે તેમને બિલોની બજવણી થઈ નથી.

● અનુસંધાન પાન-૭ પર

મોદી પાસે વેટના દરો ઘટાડવાનું શસ્ત્ર છે પણ સમય આવે ત્યારે ઉપયોગ થશે

સંકટ સમયમાં ગુજરાતની પ્રજાને રાહત આપવાની ફોર્મ્યુલા અત્યારે તો ડિઝલના દામ વધારાના દેશવ્યાપી વિરોધ આંદોલનમાં ઝૂકાવી દીધું છે

(વિશેષ પ્રતિનિધિ દ્વારા) ગાંધીનગર, તા.૧૪

ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણી હોવા છતાં કોંગ્રેસે ડિઝલમાં ભાવવધારાનો ખતરનાક ખેલ ખેલ્યો છે છતાં રાજકીય નિરીક્ષકો એવું કહે છે કે મોંઘવારી સામેના આંદોલનો એક સમાહથી વધારે સમય ચાલતા નથી. હજી ચૂંટણીને ત્રણ મહિનાની વાર છે તેથી અત્યારે ભાવવધારો કરવાથી કોંગ્રેસને ચૂંટણી પ્રચારમાં કંઈ ફરક પડવાનો નથી.

બીજી તરફ ભાજપ આ મુદ્દાને ક્યાં સુધી જીવતો રાખી શકે તે પ્રશ્ન છે. મોદી પાસે મેદાનમાં ઉતરવાનું એક છેલ્લું પાનું વેટના દરો ઘટાડવાનું છે અને સંકટ સમયે તે આ પાનું ખુલ્લું કરે તેમ મનાય છે.

ગુજરાતમાં ખેડૂતોને એક વર્ષ સુધી રાહત આપી શકાતી હોય તો ચૂંટણીના છ મહિનાના સમયમાં પ્રજાને વેટમાં રાહત કેમ આપી ન શકાય તે મુદ્દો વિચારાધિન છે. ફેબ્રુઆરી-૨૦૧૩માં ફરી બજેટ આવવાનું છે ત્યારે વેટનો ઘટાડો તેમાં સરભર કરી શકાય તેવી શક્તિ સરકારમાં છે.

● અનુસંધાન પાન-૭ પર

ભાજપ કે કોંગ્રેસ મોંઘવારી નહીં ઘટાડે તે કામ તો જીપીપી કરશે

અમારી પાર્ટીની ફોર્મ્યુલા અપનાવવામાં આવે તો ડિઝલમાં ૪.૫૦ રૂપિયા અને પેટ્રોલમાં ૫.૪૦ રૂપિયા પ્રતિ લીટરે દર ઘટી શકે : કેશુભાઇ પટેલ

(વિશેષ પ્રતિનિધિ દ્વારા)

ગાંધીનગર, તા.૧૪

ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી કેશુભાઈ પટેલે કહ્યું હતું કે ભારતમાં કોંગ્રેસ અને ભાજપ એમ બન્ને સરકારો પ્રજા ઉપર મોંઘવારીનો પ્રયોગ કરી કૌભાંડો કરે છે ત્યારે પ્રજાને ત્રીજો વિકલ્પ આપવાના પ્રયાસો શરૂ થયા છે. ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી કેન્દ્રમાં પેટ્રોલ અને ડિઝલના ભાવ વધે એટલે ખુશ થઈ જાય છે પરંતુ મોંઘોદાટ વેલ્યુ એડેડ ટેકસ-વેટ ઘટાડતા નથી.

પરિવર્તન પાર્ટીના પ્રેસિડેન્ટે તેમના બ્લોગ ઉપર લખ્યું છે કે યુપીએ સરકારે ડિઝલમાં પાંચ રૂપિયાનો સીધો વધારો કર્યો છે અને ગૃહિણીઓને મોંઘવારીમાં રાહત આપવાના બદલે રાંધણગેસના બાટલા ઘટાડી દીધાં છે. કેન્દ્રની આવક વધીને ૯.૩૫ લાખ કરોડ થઈ છે છતાં જનતાને રાહત આપવામાં આવતી નથી.

મોંઘવારીમાં રાહત આપવા ગુજરાતમાં ભાજપની સરકારે પણ કંઈ કર્યું નથી. એકબાજુ વેટમાં તોતીંગ આવક પેદા કરે છે બીજી બાજુ કોંગ્રેસ ઉપર આક્ષેપો કરવામાં આવે છે. કેન્દ્ર તો આંતરરાષ્ટ્રીય બજાર કિંમત સેટ કરે છે પણ મોદી ગુજરાતમાં વેટ ઉઘરાવીને ઉત્સવો કરે છે. અમે પ્રજાને વચન આપ્યું છે કે પેટ્રોલ-ડિઝલના વેટમાં ૩૦ ટકાનો ઘટાડો કરીશું. મુશ્કેલીના સમયમાં રાજય સરકારની પ્રજા માટે ફરજ બને છે.

કેશુભાઈએ કહ્યું હતું કે ભાજપ સરકાર અમારી ફોર્મ્યુલા મુજબ વેટ ઘટાડે તો ગુજરાતની પ્રજાને ડિઝલના ભાવમાં ૪.૫૦ રૂપિયા અને પેટ્રોલમાં ૫.૪૦ રૂપિયાનો ફાયદો થઈ શકે છે. મારો પ્રશ્ન છે કે છેલ્લા ૧૧ વર્ષમાં પ્રજાને કોઈ રાહત આપી નથી તેવા દયાહિન શાસક પાસેથી શું અપેક્ષા રાખી શકાય. ગુજરાતના લોકોને હવે ગંભીરતાથી વિચારવાનો સમય આવી ગયો છે.

છેલ્લે તેમણે ઉમેર્યું છે કે ભાજપ કે કોંગ્રેસ મોંઘવારીમાં ક્યારેય મદદરૂપ થવાની નથી. મોંઘવારી સામે માત્ર ગુજરાત પરિવર્તન પાર્ટી પ્રજાની ઢાલ બની શકે તેમ છે.